श्री जैनधर्म तत्त्व संग्रह.

કિંમત ચાર આના.

ॐ

श्री

जैनधर्म तत्त्व संग्रह.

રચી પ્રસિદ્ધ કર્ત્તા.

ભટ્ટારકજી રત્નકીર્તિજીના આશ્રયથી.

બોરસદ.

जैन दिगंबरी धर्मोत्तेजक पाठशाला.

પ્રત ૫૦૦

અમદાવાદ.

રાજનગર પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ
હઠીસંગે છાપી.

સંવત્ ૧૯૫૫.   સને ૧૮૯૯


કિંમત રૂ ૦—૪—૦

આ ગ્રંથમાં જે ઉત્તમ ભાગ હોય તે શાસ્ત્રો-
ક્તિ છે, ને જે ભૂલ હોય તે અમારી છે.
માટે સુજ્ઞ વાંચકે, જેવી રીતે રાજહંસ
દુધમાંથી પાણી જુદું પાડી દુધ
પીવે છે તેવી રીતે ઉત્તમ
ભાગ ગ્રહણ કરવો.

ॐ

जैन धर्मतत्त्वसंग्रह.

मातृवत्परदाराणि परद्रव्याणिलोष्टवत् ।
आत्मवत्सर्वभूतानि यःपश्यतिसपश्यति ॥१॥



धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपिनविद्यते ।
अजागलस्तनस्यैव तस्य जन्मानिरर्थकम् ॥२॥

मद्यमांसाशनंरात्रौभोजनंकंदभक्षणं ।
येकुर्वंतिवृथातेषांतीर्थयात्राजपस्तपः ॥३॥

एरात्रौसर्वदाहारंवर्जयन्तिसुमेधसा ।
तेषांपक्षोपवासस्यफलंमासेनजायते ॥४॥

અર્પણપત્રિકા.

રા. રા. ઝવેરી. માણેકચંદ પાનાચંદ.

મુંબાઇબંદર.

આપનો
સ્વધર્મ તરફ
અત્યુત્તમપ્રેમ, લાગણી
અને ઔદાર્યતા, તેની સાથે
આપની મહત્વતા અને ગૌરવતા
વધારે સ્તુત્ય હોવાથી અને આ "શ્રી
જૈન દિગંબરી ધર્મોત્તેજક પાઠશાળા"
તરફ ઉપર દર્શાવેલા આપના અવર્ણનીય
ગુણો પૂર્ણતેજથી પ્રકાશતા હોવાથી આ લઘુ
પુસ્તક આપના શુદ્ધ અને પવિત્ર અંતઃકરણને
અર્પી આ જૈનદિગંબરી પાઠશાળા પોતાને કૃતાર્થ
થએલી માને છે.

લી.

શ્રી જૈનદિગંબરી ધર્મોત્તેજક પાઠશાળા.

ના જયજીનેંદ્ર.

પ્રસ્તાવના.

આ લઘુ ગ્રંથ કાઢવાનો મુળ ઉદ્દેશ કાઢનાર સિવાય બીજું કોણ જાણે? કાઢનાર જણાવે તોએ કળીયુગને લીધે માનશે પણ થોડાજ. બેશક ઘણાક એમ કહેશે કે તેનો હેતુ પૈસા કમાવાનો છે. જો કોઇ આ પ્રમાણે શંકા કરે, તો જો કે અમે અતિશય ડાહ્યા નથી, અથવા નીચેના શ્લોકમાં લખ્યા પ્રમાણે અનુસરીએ છીએ એમ કહી શકીએ તેવા નથી તોપણ તેમને માટે નીચેનો શ્લોક બસ લાગે છે.—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा ।
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

અર્થ—ભલે નીતિમાં નિપુણ પુરૂષો નિંદા કરે અથવા વખાણ કરે, ભલે લક્ષ્મી આવે કે જાય, ભલે મરણ આજ થાય કે એક યુગ પછી થાય, પણ ડાહ્યા પુરૂષો ખરા રસ્તામાંથી એક પગલુ પણ આઘા પાછા થતા નથી.

હવે કોઈ એમ કહેશે કે કમાવાનો હેતુ નથી તો બીજો શો છે? તેને માટે એટલુંજ જણાવાનું કે આનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતી જૈની ભાઇઓને

ધર્મમાં પ્રવેશ કરતાં મદદ કરવાનો છે. આપણા ધર્મનાં અત્યંત પુસ્તકો છે. પણ ઘણાં ખરાં સંસ્કૃત અને માગધી ભાષામાં છે અને જો કે તેમાંના ઘણા ખરાના અર્થ આપણા જૈની ભાઇઓએ કરેલા છે, તોપણ તે હિંદી ભાષામાં છે, અને કેટલાંક જે હાલમાં રચાય છે તે હિંદી ભાષામાં રચાય છે; જે ભાષા આપણા ગુજરાતી સાધારણ અભ્યાસ અને અનુભવવાળા જૈની ભાઇઓ બરાબર સમજી શકતા નથી. વિશેષ લખવાને દીલગીર છીએ કે આ બાજુએ આપણી ઘણી ખરી વસ્તી ગામડામાં રહેલી તેથી કેળવણીમાં બહુજ પછાત છે, અને તેને લીધે ધર્મનું કાંઇ પણ વાંચી જાણી શકતા નથી. તેમને ધર્મપ્રકાશમાટે આ પુસ્તક બનતી સાદી અને સરળ ભાષામાં રચ્યું છે.

જો કે સંસ્કૃત તેમજ માગધી ભાષાનો ગુજરાતીમાં અર્થ કર્યાથી તેનું મુળ રહસ્ય અને જુસ્સો બદલાઇ જાય છે, તોપણ ઉપર કહેલી ભાષાઓ આ દેશમાંથી અને મુખ્યત્વે કરીને આપણી જ્ઞાતિમાંથી નાબુદ થઇ ગએલી હોવાથી તેમને ગુજરાતીમાં લખવી પડે છે; પણ જ્યાં સુધી સંસ્કૃત ભાષા અહીંઆં પ્રસરે નહીં, ત્યાં સુધી એનું રહસ્ય લોકના સમજવામાં આવશે નહીં, ત્યાં સુધી ધર્મની ઉત્કંઠા દરેકને પુરેપુરી થવી દુર્લભ છે. પણ આનંદની વાત છે કે જૈન ધર્મની વૃદ્ધિ ઉત્તર દક્ષિણનાં મોટાં મોટાં શહેરમાં તો શું, પણ ગુજ-

રાતનાં મોટાં મોટાં શહેરોમાં અને ગામે ગામ થ-
વા લાગી છે. ને જેવી રીતે દરેક ચીજને અસ્તો-
દય નિર્માણ છે, તેવી રીતે નહીં, પણ હમેશને માટે
તેનો ઉદય થાઓ. તથાસ્તુ.

મુ. બોરસદ.		લી०
જીલ્લે ખેડા.		જૈનદિગંબરી ધર્મોત્તેજક
સંવત ૧૯૫૫		પાઠશાળાના જયજીનેંદ્ર.
પોસ શુક્લપક્ષ ૧		

मंगलाचरण.

अरिहंतोभगवंतोइंद्रमहीतोसिद्धार्थसिद्धस्थिता ।
आचार्योजिनशासनोनतिकरोपूजोपाध्यायको ।
श्रीसिद्धान्तेसुपाठकामुनिवरारत्नत्रयधारिका ।
पंचेतिपरमेष्टिनंप्रतिदिनंकुर्वन्तोमंगलं ॥

આ સૃષ્ટિના બે ભાગ પાડી શકાય. એક જડ, બીજો ચેતન. જડ સૃષ્ટિવિષે ચર્મચક્ષુ વડે દરેક જણ જાણી શકે છે. ચેતન સૃષ્ટિ વિષે જાણવાને અધ્યાત્મિક શાસ્ત્રની જરૂર છે. જડ સૃષ્ટિ વિષે બોલતાં સહેજસાજ જણાવવું જોઈએ કે એનો કોઈપણ કર્તા છેજ નહીં; જો કોઈપણ કર્તા હોય તો એની શરૂઆત હોવી જોઇએ. પણ તેમતો છેજ નહી કારણ કે તે અનાદિ છે.

જીવાજીવાદિનુ સ્વરૂપ આપતાં પહેલાં જૈનધર્મ એટલે શું તેનું મુળતત્ત્વ શું અને તિર્થંકર તે કોણ તે વિગેરે ટુંકામાં જણાવવું જોઇએ.

જૈનધર્મ-જીન (જી એટલે જીતવું) એ ઉપરથી જેણે સર્વ ઇંદ્રિયો વશ કરી તે ઇંદ્રિયોદ્વારાએ થતાં કર્મને રોકી મોક્ષ મેળવ્યો છે તે. હવે કોઇ એમ શંકા કરે કે જૈનધર્મ શ્રેષ્ટ છે તેની સાબીતી શી? તેની સાબીતી એજ કે તે ઇંદ્રિઅદ્વારાએ કોઇ દિવસ જાણી શકાયજ નહીં. વળી તે ધર્મ તત્ત્વો રૂપી પાયા ઉપર રચાયલો છે. વિશેષ પ્રમાણ ચાર જાતનાં છે.

૧ નામપ્રમાણ, ૨ સ્થાપનાપ્રમાણ, ૩ દ્રવ્યપ્રમાણ, ૪ ભાવપ્રમાણ. ધર્મને માટે નામપ્રમાણ ઉત્તમ છે. હવે તિર્થંકરો જે જૈનધર્મના પ્રવર્તાવનાર અને સર્વે તિર્થોમાં શ્રેષ્ટ છે, તેઓ કર્મરૂપી શત્રુઓને જીતી મોક્ષે ગએલા છે, અર્થાત્ તેઓનો આત્મા કર્મથી મુક્ત થએલો છે એટલે તેઓનો આત્મા મુળ સ્વરૂપમાં આવેલો છે. મુળ સ્વરૂપમાં એટલે તેઓ સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, ને સર્વ વ્યાપક છે. હવે દરેકના આત્માનો મૂળ સ્વભાવ આ પ્રમાણે છે, પણ આત્મા મનુષ્યના કર્મ પ્રમાણે સંકોચાય છે, અથવા વૃદ્ધિ પામે છે. શુભાશુભ કર્મથી સંકોચ અથવા વિસ્તાર પામે છે. આ રીતે ઝીણામાં ઝાણા પ્રાણીથી તે મોટામાં મોટા પ્રાણીમાં તે રહેલા છે.

जीवाजीवादिस्वरूप.

सूत्र-जीवाजीवाश्रवबंधसंवरनिर्जरामोक्षास्तत्त्वं ॥

જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ આ સાત તત્વો અને પાપ અને પુણ્ય મળી નવ પદાર્થ છે.

જીવ એટલે જેમાં ચેતનતાનો ગુણ રહેલો છે તે. અજીવ એટલે જેમાં જીવ નથી તે. આશ્રવ એટલે જે વડે શુભાશુભ કર્મનું આગમન થાય છે તે. બંધ એટલે આત્માનું કર્મથી આચ્છાદિત થવું તે. સંવર એટલે આવતાં કર્મ રોકવાં તે. નિર્જરા એટલે કરેલાં કર્મ થોડે થોડે દુર કરવાં તે. મોક્ષ એટલે કર્મ રહીત થવું તે.

જીવ.

એના મુખ્ય બે પ્રકાર છે. ૧ સંસારી જીવ. ૨ મોક્ષનો જીવ.

સંસારી જીવના ચાર પ્રકાર છે.

૧ પંચસ્થાવર	૨ એકત્રસ
૩ સંજ્ઞી	૪ અસંજ્ઞી

પંચસ્થાવરના પ્રકાર.

પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને વનસ્પતિ. આ પાંચ સ્થાવર કહેવાય છે અને હાલી ચાલી શકે તે ત્રસ કહેવાય છે.

ત્રસકાય.

બેઇંદ્રિય. (જળો, પોરા વિગેરે) ત્રિઇંદ્રિય. (માંકડ, જુઆ વિગેરે) ચતુરિંદ્રિંય (ભ્રમર, માખી, ડાંસ વીગેરે) પંચેંદ્રિય (દેવતા ૨ મનુષ્ય ૩ તિર્યંચ ૪ નારકી)

આશ્રવતત્ત્વના ભેદ.

सूत्र–कायवाचमनःकर्मयोगाःसआश्रवः ॥

કાય, વચન, અને મને કરીને કર્મનું જે આવવું તે આશ્રવ. આશ્રવ સરંભ કંઇ કામ કર્યાથી કરાયાથી અથવા કોઈ કરતા હોય તેમને અનુમોદન આપવાથી થાય છે. शुभःपुण्यस्य, अशुभःपापस्य શુભકર્મથી પુણ્યાશ્રવ થાય છે અને અશુભકર્મથી પાપાશ્રવ થાય છે. આશ્રવ ૫૭ પ્રકારનાં છે.

सूत्र-मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगाबन्धहेतवः॥

૧ મિથ્યાદર્શન.-દેવગુરૂ અને શાસ્ત્રમાં શ્રદ્ધા ના હોવી તે.

૨ અવરિતિ.-પાંચ ઇંદ્રિયો તથા છઠું મન અને છકાયની દયાનો અભાવ.

૩ પ્રમાદ-આત્માનું સ્વરૂપ ભુલવું તે.

૪ કષાય—ક્રોધ, માન, માયા અને લોભ.

૫ યોગ—મન, વચન અને કાયા.

આ પાંચ આ દુનિઆમાં બંધનાં કારણ છે. मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः

મન એજ બંધ અથવા મોક્ષનું કારણ છે. મન, વચન અને કાયાની પ્રવૃત્તિના કષાયમાં ખુશી થવું તે લેશ્યા છે.

કર્મ બંધ ચાર પ્રકારના છે. प्रकृतिस्थित्यनुभाग प्रदेशस्तद्विधयः

પ્રકૃતિબંધ, ૨ સ્થિતિબંધ, ૩ અનુભાગબંધ, ૪ પ્રદેશબંધ.

લેશ્યા ૬ પ્રકારની છે.—કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુકલ.

કૃષ્ણ એટલે કાળું એ ખરાબ પરિણામવાળી લેશ્યા છે.

નીલ એટલે ગળીના રંગનું. આ પહેલાથી સહેજ સારા પરિણામવાળી છે.

કાપોત એટલે કબુતરના રંગનું. આ લેશ્યા બીજાથી સારા પરિણામવાળી છે.

પીત એટલે પીળું.

પદ્મ એટલે મોતીના રંગનું. સફેદ અને લાલાશપર.

શુક્લ એટલે છેક સફેદ.

આ પ્રમાણે ગુણ ઉપરથી ઉપમા આપેલી છે.

कृष्णलेश्या.

आर्त्तरौद्रःसदाक्रोधी । मत्सरोधर्मवार्जितः ।
निर्दयोवैरसंयुक्तो । कृष्णलेश्याधिकोनरः ॥

અર્થ—જે રોગી હોય, ઘાતકી હોય, હમેશાં ક્રોધમાં રહે, અદેખાઈ કરે, ધર્મ તજી દે, દયા પાળે નહીં, વેરમાં ધુંધવાયા કરે તેને કૃષ્ણલેશ્યા થાય છે.

नीललेश्या.

आलस्योमंदबुद्धिश्च । स्त्रीलुब्धश्चप्रपंचकः ।
कातरश्चसदामानी । नीललेश्याधिकोनरः ॥

અર્થ—જે આળસુ હોય, મંદબુદ્ધિવાળો, સ્ત્રીમાં લપટાઇ રહે, પ્રપંચ કરે, બીકણ હોય, ને હમેશાં માનમાં રહે તેને નીલલેશ્યા થાય છે.

कापोतलेश्या.

शोकाकुलोसदारुष्टः । परनिन्दाप्रशंसकः ।
संग्रामप्रार्थ्यतेमृत्युं । कापोतायमुदीरते ॥

અર્થ—જે શોકથી ગભરાય, હમેશાં ક્રોધમાં રહે, પારકી નિંદા કરે, પોતાનાં વખાણ કરે, લડાઇમાં

મૃત્યુ લગી પણ ઝંપે નહીં તેને કાપોતલેશ્યા થાય છે.

पीतलेश्या.

प्रबुद्धःकरुणायुक्तो । कार्याकार्य विचारकः ।
लाभालाभेसदाप्रीतिः । पीतलेश्याधिकोनरः ॥

અર્થ—જે ડાહ્યો હોય, દયાળુ હોય, કાર્ય અકાર્યનો વિચાર કરે, લાભ ગેરલાભમાં હમેશાં પ્રીતિ રાખે તે પીતલેશ્યાને પામે છે.

पद्मलेश्या.

दयाशीलोसदात्यागी । देवतार्चनतत्परः ।
शुचिर्भूतोसदानन्दो । पद्मलेश्याधिकोनरः ॥

અર્થ—જે દયા પાળે, શીળ પાળે, ત્યાગી હોય, દેવપૂજામાં તૈયાર રહે, પવિત્ર હોય, હમેશ આનંદમાં રહે, તે પદ્મલેશ્યાને પામે છે.

शुक्ललेश्या.

रागद्वेषविनिर्मुक्तो । शोकनिद्राविवर्जितः ।
परात्मभावसंपन्नः । शुक्ललेश्याधिकोनरः ॥

અર્થ—જે રાગ દ્વેશથી મુક્ત છે, જે શોક ને ઉંઘ તજે છે, પોતાને તેવું પારકાને એવી રીતે જે વર્તે છે તેને શુક્લલેશ્યા થાય છે.—પહેલી ત્રણ લેશ્યાથી મનુષ્ય નર્ક અને તિર્યંચગતિમાં જાય છે. છેલ્લી ત્રણથી મનુષ્ય તથા દેવગતિમાં જાય છે.

લેશ્યાની ઉત્પત્તિ માટે શાસ્ત્ર દ્રષ્ટાંત આ પ્રમાણે છે.

એક વખતે છ માણસો એક જંગલમાં ગયાં, ત્યાં ફળથી ભરપુર એવું એક વૃક્ષ તેમની નજરે પડયું. એકે એવો વિચાર કર્યો કે આ ઝાડ મુળથી ઉખડી પડે તો બહુજ મઝા પડે. બીજાએ એનાં બધાં ફળ કાપી ખાવાનો વિચાર કર્યો. ત્રીજાએ એવી કલ્પના કરી કે આનું મોટું ડાળ કે જેનાપર વિશેષ ફળ છે તે તુટી પડે તો કેવી ગમત પડે. ચોથાએ વિચાર્યું કે એનાં નાનાં ડાળ કાપ્યાં હોય તો સારૂં. પાંચમાએ થોડાં ફળ પાડવાની ઇચ્છા કરી. છઠ્ઠાએ નીચે પડેલાં ફળ આરોગી શાંત થવા ઇછ્યું. આ છએ વિપર્યી માણસનાં દ્રષ્ટાંત છે.

મન, વચન અને કાયાની પ્રવૃત્તિ અશુભ કર્મમાં થવાથી નીચે પ્રમાણે ગેરફાયદા થાય છે. પ્રવૃત્તિથી આત્મા ખાવાપીવાની બહુ બહુ ચીજો ભોગવે છે, પણ આમાંનું તેની સાથે કાંઈ પણ જતું નથી; મોતી, હીરા, જવાહીર, માણેક, સોનું, રૂપુ, હીરનાં ચીર, ભોગ, ઉપભોગ સર્વે આ દુનિયામાં પડી રહે છે; પણ તેની સાથે તેની સુકૃતિ કે દુષ્કૃતિ જાય છે. મમતારૂપી મીઠું, માયારૂપી મીણ, આળસરૂપી એળીઓ, અફીણરૂપી વિષય, વછનાગરૂપી વ્યભિચાર, નિંદારૂપી ગળી, ભિન્ન ભિન્ન રંગનાં કપટરૂપી કાપડ, આની સાથે અવગુણરૂપી ખાર

વહોરી લે છે. આ સર્વેને અવગુણરૂપી દારમાં શીવીને યમરાજા તરફ તે હંકારવા માંડે છે; જ્યાં તેને તેની દુષ્કૃતિના બદલામાં નારકીમાં જવું પડે છે.

કષાય.

ક્રોધ, માન, માયા અને લોભ. આના ચાર પ્રકાર છે.

૧ અનંતાનુબંધી.-ક્રોધ, માન, માયા, અને લોભ.
૨ અપ્રત્યાખ્યાની.-ક્રોધ, માન, માયા, અને લોભ.
૩ પ્રત્યાખ્યાની. ક્રોધ, માન, માયા, અને લોભ.
૪ સંજવલ.-ક્રોધ, માન, માયા, અને લોભ.

પહેલો ક્રોધ તુટેલા પથ્થરની પેઠે કદી સંધાતો નથી. બીજી જાતનો ક્રોધ ભાગેલી માટીની માફક ઘણે કાળે શાંત થાય છે. ત્રીજી જાતનો ક્રોધ ફુટી થયેલી રેતીની માફક થોડે કાળે શાંત થાય છે. ચોથી જાતનો ક્રોધ પાણીના રેલાને ફુટો પાડીએ પણ તરતજ એકત્ર થઇ જાય છે તેમ ઝટ બંધ થાય છે.

હવે માણસની સ્થિતી એક ઝાડપરના પક્ષી જેવી છે. એક ઝાડપર બે પક્ષી છે, એક ઉપલ ડાળે બેઠેલું છે, બીજું નીચે ડાળે છે. ઉપલા ડાળે બેઠેલું પક્ષી સદા આનંદ ભોગવે છે, જેને સુખ દુઃખ અનુભવવાનું નથી, જેને કષાય કે યોગ કાંઇ પણ બંધમાં નાખી શકતું નથી. નીચલા ડાળે બેઠેલા પક્ષીને સુખ દુઃખ, સારૂં નરસુ ભોગવવું પડે છે. મિષ્ટ અથવા કડવો સ્વાદ લેવો.પ

ડે છે, ઉપલા પક્ષીને જોઇ જો એ ઉંચે જવા પ્રયત્ન કરે છે તો તેને એકાદ દિવસ ઉપર જવા વારો આવે છે. જો તેમ નથી કરતું તો તે નીચે પડે છે, ને તે હમેશને માટે. આપણી સ્થિતી નીચલા પક્ષીના જેવી છે. ઉંચે જવા પ્રયત્ન કરવાનો છે. આ પ્રયત્ન કરતાં ઇંદ્રિયરૂપી ઘોડાને મનરૂપી લગામથી બહુજ ખેંચી ઝાલવાના છે, જો તેમને છુટા મુકીએ તો ધર્મરૂપી રથના ચુરેચુરા થઈ જાય છે, ને તેને વિશે સ્વારી કરનાર આત્મા કોઈ દિવસ શોધ્યો જડતો નથી. માટે જો કોઈપણ ઉપલા ડાળે જવા ઇચ્છા રાખતો હોય તો તેણે ઇંદ્રિયોરૂપી પવનવેગી ઘોડાને બહુજ ખેંચી ઝાલવા જોઇએ.

વળી આપણી સ્થિતી મધુના ટીપાથી લલચાયલા પુરૂષના જેવી છે.

એક વખતે એક બ્રાહ્મણ અઘોર વનમાં ભુલો પડયો હતો. તેની પુંઠે એક મદોન્મત્ત હાથી લાગેલો હતો. એકાએક એક કુવો તેની નજરે પડયો. કુવામાં પડી હાથીથી મુકત થવા તેણે ઇચ્છયું. કુવા ઉપર નજીક ઉગેલા એક વડના ઝાડની બે મુળીયો લટકતી હતી, તેને આધારે તે બ્રાહ્મણ ટીંગળાઈ રહ્યો. મુળીઓ આગળ એક મધપુડો હતો, કુવામાં ચાર સાપ અને વચે એક અજગર પડેલો હતો, મુળીઓને એક કાળો અને એક ધોળો ઉંદર કાપતા હતા. હાથીએ પોતાની સુંઢ વડે મુળીઓ હલાવી, જેને લીધે પેલી માખીઓ ઉડી પેલા બ્રાહ્મણને કરડવા લાગી અને મધપુડામાંથી મધનાં ટીપાં ટપકવા લાગ્યાં; બ્રાહ્મણ મધનાં ટીપાંથી એટ-

લો બધો મોહીત થઇ ગયો હતો કે તે હાથીનો ભય વીગેરે ધાસ્તીઓ વાસરી ગયો; તેવામાં એક-એક વિદ્યાધર ત્યાં આગળ થઇને જતા હતા તેમણે તે બ્રાહ્મણને વિમાનમાં બેસાડી સ્વર્ગમાં લઈ જવાને કહ્યું. બ્રાહ્મણે કહ્યું, એક મધનું ટીપું ચાખીને હું પછીથી આવીશ. વિદ્યાધર રાહ જોઇને ઉભા રહ્યા, એક ટીપું ફરીથી તેના મોંમાં પડયું, વિદ્યાધરે પહેલાંની માફક પ્રશ્ન કર્યો, બ્રાહ્મણે પહેલાંની માફક જવાબ આપ્યો. તેના વખતનો પાર આવ્યો નહીં. વિદ્યાધર કંટાળીને ચાલતા થયા. મુળીઓ છેવટે કરપાઇ ગઈ, માણસ છેવટે કુવામાં પડયો અને અજગર તેને ગળી ગયો. હાથી તે કાળ છે, મુળીઓ જીવન દોરી છે, મધપુડો તૃષ્ણા છે, માખીઓ જંજાળ છે, ચાર સાપ ગતીઓ છે, અજગર નીગોદ છે, ઉંદરો રાત્રી ને દિવસ છે, વિદ્યાધર ગુરૂ છે.

संवरतत्त्वना भेद.

૫ મહાવ્રત. ૫ સમિતિ. ૩ ગુપ્તિ. ૧૨ ભાવના. ૨૨ પરિષહ. ૧૦ ધર્મ.

(૫) મહાવ્રત.–અહિંસા, સત્ય, સ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહ, સમિતિ.

૧ ઇર્યાસમિતિ.–ભૂમિપર જોઇને ચાલવું તે.

૨ ભાષાસમિતિ.–પ્રિય અને સત્ય ભાષણ કરવું તે.

૩ એષણા.–દોષવાળા ખરાબ અહારપાણીનો ત્યાગ કરવો તે.

૪ આદાનનિક્ષેપણ.–કાંઇપણ મુકવા લેવામાં જગ્યા જોઇને ક્રિયા કરવી તે.

૫ ઉત્સર્ગ.-મળમુત્રાદિકને માટે શુદ્ધ જમીન જો ઇને બેસવું તે.

ગુપ્તિ, મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ એટલે મન વચન અને કાયાએ કરી ખરાબ કર્મને રોકવાં તે.

ભાવના.

૧ અનિત્ય.-આ સંસાર સ્વપ્નવત્ છે એવું ચિંતવન કરવું તે.

૨ અશરણ.-ધર્મ સિવાય બીજા કોઇનો આધાર નથી એવું વિચારવું તે.

૩ સંસાર.-સંસાર વિચિત્ર અને મહુારૂપ છે એવું મનન કરવું તે.

૪ એકત્વ.-જીવ એકલોજ નિત્ય છે એવું ચિતવવું તે.

૫ અન્યત્વ.-જીવ શરીર તથા ઇંદ્રિયોથી જુદો છે, કર્તા ભોક્તા મન તથા શરીર છે.

૬ અશુચિ.-દેહગંદી છે એવું વિચારવું તે.

૭ આશ્રવ.-આના વિશે આગળ આપેલું છે માટે તે જોઇ લેવું.

૮ સંવર " " " "

૯ નિર્જરા.-૧ સવિપાક નિર્જરા, ૨ અવિપાક નિર્જરા. રસ દેવાથી તથા વગર મહેનતથી જે નિર્જરા થાય છે તે સવિપાક,

અને સમાધિ, તપ, વ્રત વિગેરેથી જે થાય છે તે અવિપાક. આમાં બીજી શ્રેષ્ટ છે ને તે મોક્ષનું કારણ છે. માટે તેનું ચિંતવન કરવું તે નિર્જરા ભાવના.

૧૦ લોકાનુપ્રેક્ષા.-ત્રૈલોકયના સ્વરૂપનું મનન કરવું તે.

૧૧ ધર્માનુપ્રેક્ષા.-ધર્મનું સ્વરૂપ જાણવું તે.

૧૨ બોધિદુર્લભ.-એક કરતાં સરસ એમ અનુક્રમે સ્થિતિ અને સારી સ્થિતિથી અવિપાક નિર્જરા મેળવવી મુશ્કેલ છે એવું ચિંતવી બોધ પામવો તે.

૨૨. પરિષહ.—

૧. ક્ષુધા. ૨ તૃષા. ૩ શીત. ૪ ઉષ્ણતા. ૫ દંશમશક ૬ નગ્નત્વ. ૭ અરતિ. ૮ સ્ત્રીકૃતોપદ્રવ. ૯ ચર્યા. ૧૦ નિષદ્યા ૧૧. શય્યા. ૧૨ આક્રોશ. ૧૩ વધ. ૧૪ અયાચના. ૧૫ અલાભ. ૧૬ રોગ. ૧૭ તૃણસ્પર્શ. ૧૮ મળ. ૧૯ સત્કાર. ૨૦ પ્રજ્ઞા. ૨૧ અજ્ઞાન. ૨૨ અદર્શન.

૧૦ ધર્મ.—

ક્ષમા

માર્દવ. માન રહિત રહેવું તે.

આર્જવ. કપટ રહિત રહેવું તે.

સત્ય.

શૌચ. પવિત્રતા.

સંયમ.—ઇંદ્રિયોને વશ કરવી તે.

તપ.

ત્યાગ.

આકિંચન્ય.—પૈસાની ઇચ્છા ન કરવી તે.

બ્રહ્મચર્ય.— વીર્યની સંભાળ રાખવી તે.

૫ ચારિત્ર.—

૧ દર્શનાચાર.	૪ તપાચાર.
૨ જ્ઞાનાચાર.	૫ વીર્યાચાર.
૩ ચારિત્રાચાર.	

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણ ધર્મરત્ન છે.

સમ્યક્દર્શન. **श्लोक.**

श्रद्धानंपरमार्थाना मागमतपोभृतां ।
त्रिमूढापोढमष्टांगं सम्यगदर्शनमस्मयं ॥

અર્થ:-સત્યાર્થ, દેવ, ગુરૂ અને શાસ્ત્રમાં ત્રણ મૂઢતા રહિત, આઠ મદ રહિત અને આઠ અંગ સહિત શ્રદ્ધા રાખવી તે સમ્યક્દર્શન, અથવા પોતાના આત્માને જોવો તે.

૩ મૂઢતા.	આઠ મદ.	
૧ લોકમૂઢતા.	૧ જ્ઞાનમદ.	૫ રૂપમદ.
૨ દેવમૂઢતા.	૨ તપમદ.	૬ જાતીમદ.
૩ પાખંડીમૂઢતા.	૩ બળમદ.	૭ કુળમદ.
	૪ ધનમદ.	૮ ઐશ્વર્યમદ.

આઠ અંગ.

૧ નિ:શંકિત અંગ	૫ સ્થિતિકરણઅંગ
૨ નિર્વિચિકિત્સાઅંગ	૬ વાત્સલ્યઅંગ
૩ અમૂઢદ્રષ્ટિ અંગ	૭ નિ:કાંક્ષિતઅંગ
૪ ઉપગુહન અંગ	૮ પ્રભાવના અંગ.

સમ્યક્જ્ઞાન.-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવડે પ્રાપ્ત થાયછે તે અથવા પોતાના આત્માને જાણવો તે.

સમ્યક્ચારિત્ર.-હિંસા, જુઠ, ચોરી, મૈથુન ને પ-

રિગ્રહ આ સર્વને લીધે પાપ થાય છે માટે એના-થી મુકત થવું તે. અથવા પોતાના આત્મામાં સ્થિ-ર રહેવું તે.

નિર્જરા વિશે આગળ લખેલું છે તે જોઇ લેવું.

મોક્ષ.-સર્વ કર્મથી મુક્ત થવું તે.

કર્મના આઠ પ્રકાર.—

૧ જ્ઞાનાવર્ણીકર્મ.-જે કર્મથી આત્માનું ખરૂં જ્ઞાન થતું અટકે છે તે.

૨ દર્શનાવર્ણીકર્મ.-જે કર્મથી આત્માનું ખરૂં દર્શન થઇ શકતું નથી તે.

૩ અંતરાયકર્મ.-આ કર્મથી આત્માની મુળશ-ક્તિ પ્રગટ થઇ શકતી નથી, ને દાન વીગેરે શુભ કર્મ થતાં નથી.

૪ મોહનીકર્મ.-જે કર્મથી માણસ મોહમાં ફ-સાય છે, ને તેને લીધે ખોટી વસ્તુ ખરી માને છે, અને ખરી વસ્તુ ઉપર શ્રદ્ધા બેસતી નથી.

૫ વેદનીકર્મ.-જે કર્મ સુખ દુઃખનું કારણ છે તે.

૬ આયુકર્મ.-આ કર્મથી જુદી જુદી યોનીમાં ભિન્નભિન્ન પ્રકારના આવરદા બંધાય છે.

૭ નામકર્મ.-આ કર્મથી અનેક પ્રકારનાં શરીર ઉત્પન્ન થાય છે.

૮ ગોત્રકર્મ.-આ કર્મથી ઉંચનીચ કુળમાં જ-ન્મ મળે છે.

જ્ઞાનાવર્ણી કર્મની પાંચ પ્રકૃતિ છે.

૧ મતિજ્ઞાનાવર્ણીકર્મ.-મતિ જ્ઞાનને ઢાંકી નાંખે તેવું કર્મ.

૨ શ્રુતજ્ઞાનાવર્ણીકર્મ.-શાસ્ત્રજ્ઞાનનું આવરણ કરે તેવું કર્મ.

૩ અવધિ " " અઢી દ્વીપમાં રહેનારા પ્રાણીઓનું ત્રણે કાળનું જ્ઞાન ઢાંકનાર કર્મ.

૪ મનઃપર્યય " " મનના વિચાર જાણવાના જ્ઞાનનું આવરણ કરે તે.

૫ કેવળ " " આત્માનું પૂર્ણ જ્ઞાન થતું અટકાવે તે.

૨ દર્શનાવર્ણીકર્મ તેની ૯ પ્રકૃતિ છે

૧ ચક્ષુદર્શનાવર્ણી ૨ અચક્ષુ દર્શનાવર્ણી

૩ અવધિ " " ૪ કેવલ " "

૫ નિદ્રા " " એના પાંચ પ્રકાર છે

(अ) નિદ્રા. (ड) પ્રચલા પ્રચલા.

(ब) નિદ્રા નિદ્રા. (इ) સ્થાનગ્રદ્ધ.

(क) પ્રચલા.

આ પાંચ અને ઉપર આપેલી ચાર મળી નવ થાય છે.

૩ મોહનીકર્મ. તેના બે પ્રકાર છે.

૧ ચારિત્રમોહની. ૨ દર્શનમોહની.

ચારીત્ર મોહનીની પચીસ પ્રકૃતિ છે.

૧ અનુતાનુબંધી.-ક્રોધ, માન, માયા, લોભ.

૨ અપ્રત્યાખ્યાની. " " " "

૩ પ્રત્યાખ્યાની. " " " "

૪ સંજવલ. " " " "

હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રી-વેદ, પુરૂપવેદ અને નપુંશકવેદ.

આ કર્મથી માણુસને કાર્યાકાર્યનો વિચાર રહેતા નથી. અસ્થિર પદાર્થને તે સ્થિર માને છે અને આત્માનું મુળસ્વરૂપ શું છે તેનો તે વિચાર કરતો નથી.

દર્શનમોહનીના ૩ પ્રકાર છે.

(૧) સમ્યક્તમોહની. આ કર્મથી સાત તત્વમાં યથાર્થ શ્રદ્ધા આવે છે પણ એના સુક્ષ્મજ્ઞાનમાં અક્કલ પહોંચી શકતી નથી.

(૨) મિશ્રમોહની. આ કર્મથી શુદ્ધ દેવ, ગુરૂ અને શાસ્ત્રમાં સહેજસાજ શ્રદ્ધા રહેછે અને આત્મસ્વરૂપ પ્રગટ કરવા અભિલાષા થાય છે.

(૩) મિથ્યાત્વમોહની. આ કર્મથી નિચે આપેલા અઢાર દોષ રહીત દેવપર બિલકુલ શ્રધા રહેતી નથી અને એવા દોષસહીત જે દેવ તેમનાપર પુરેપુરો ભાવ રહે છે.

(अठार दोष)

क्षुधातृषाभयद्वेष । रागमोहश्चचिन्तनं ।
जरारुजश्चमृत्युश्च । खेदस्वेदमदोरतिः ।
विस्मयोजननंनिद्रा । विषादोऽष्टादशध्रुवं ।
एतैर्दोषैर्विनिर्मुक्तः । सोयमाप्तोजिनेश्वरः ॥

અર્થ.-ક્ષુધા, તૃષા, ભય, દ્વેષ, રાગ, મોહ, ચિન્તા, જરા, મૃત્યુ, ખેદ, પરસેવા, મદ, રતિ, વિસ્મય, જન્મ, નિદ્રા, રોગ અને શોક. આ દોષથી મુકત તે જીનેશ્વર.

૪. વેદની કર્મ. (બે પ્રકૃતી)

(૧) શાતા વેદની કર્મ. જે કર્મથી સુખ થાય છે તે.
૨ અશાતા „ „ જે કર્મથી દુઃખ થાય છે તે.

૫. નામકર્મ.

આ કર્મની એકસો ત્રણ પ્રકૃતિ છે. વિસ્તારના ભયથી અહીંઆં એમનું વર્ણન કરેલું નથી.

૬. ગોત્રકર્મ. (૨ પ્રકૃતિ)

૧ ઉંચગોત્ર　　　૨ નીચ ગોત્ર.

ઉંચકર્મ કરવાથી ઉંચગોત્ર મળે છે. નીચકર્મથી નીચ ગોત્ર.

૭. અંતરાય કર્મ. (૫ પ્રકૃતિ.)

૧ દાનાંતરાય.
૨ ભોગાંતરાય.
૩ ઉપભોગાંતરાય.
૪ વીર્યાંતરાય
૫ લાભાંતરાય.

૮. આયુષકર્મ. (ચાર પ્રકાર)

૧ મનુષ્ય.
૨ તિર્યંચ.
૩ દેવતા.
૪ નારકી.

દરેક માણસને જન્મ મરણનું કારણ ઉપર આપેલા કર્મોજ છે. એ કર્મોને જીતવા એ આપણી દરેકની ફરજ છે. આ કર્મોને જયાં સુધી જીતાય નહીં ત્યાં સુધી બીજી બધી જીતો સ્વપ્નવત્ છે. એક વખતે એક માહા બળવાન રાજા હતો, તેણે પૃથ્વીપરના એકેએક દેશ જીત્યા, દરેક દેશના રાજાને ખંડણી આપતા કીધા, પછી તેને એકે દેશ જીતવાનો જડયો નહીં જેથી તેને રાત્રી દિવસ ઝંપ વળે નહીં; એક દિવ-

ને તેના પ્રધાન, જે તેના મહેલે ગયો તેણે રાજા-
ને ખુશીના સમાચાર પુછયા, રાજાએ જવાબ આ-
પ્યો કે મારૂં શરીર સારૂ રહેતું નથી. કારણમાં
જણાવ્યું કે મેં સર્વે દેશ જીત્યા હવે એકે દેશ
જડતો નથી. માટે તું મને એવી જગ્યા દેખાડ કે
જેને આપણે જીતીએ. પ્રધાને કહ્યું કે ફક્ત એકજ
દેશ જીતવાનો છે પણ તે આપથી જીતાય એમ
મને લાગતું નથી; કારણ કે ત્યાંનો રાજા બહુ શાંત
છે. પણ તેના સુભટો સાગર જેવા તોફાની છે તે
આપનું ફાવવા દેશે નહિ. રાજાને માલુમ પડયું
કે જયાં સુધી તે સુભટોને એટલે ઇંદ્રિયોને જીતાય
નહીં ત્યાં સુધી આ બધી જીતો નીર્થક છે. આ
પ્રમાણે વિચાર કરી તેણે તે દેશમાં પ્રવેશ કર્યો ને
ત્યાંનો રાજા જે આત્મા તેમાં તે મળી ગયો ત્યા-
રે તે શાંત થયો.

કર્મ એટલે કામ ને એનો બીજો અર્થ કામનાં
ફળ. મનુષ્ય માત્ર જેવું કરે છે તેવું પામે છે. આ-
ગલા જન્મનાં કરેલા સંસ્કારનાં ફળ આ વખતે
ચાખીએ છીએ. અને આ વખતે જેવું વાવીશું
તેવું આવતા જન્મમાં લણીશું.

अस्मिंल्लोकेयत्क्रियतेतस्यफलममुष्मिंल्लोकेऽनुभूयते,

આ લોકમાં જે કરીએ છીએ તેનું ફળ આવ-
તા લોકમાં ભોગવીએ છીએ. હવે દરેક જણ સુ-
ખની આશા કરે છે, કોઈ દુઃખની આશા કરતું
નથી. સુખની ઇચ્છા છે તો શુભ કર્મ કાં ન કર-
વાં ? દાન શીલ અને તપ કાં ન આદરવાં ?
જયારે આવાં આવાં અને બીજાં સારાં કર્મ કરી-

શું ત્યારે ને ત્યારેજ સુખની આશા રાખી શકા-શે, કારણ કે આ જન્મમાં મન વચન અને કા-યાએ કરેલાં કર્મના સંસ્કાર પ્રમાણે આવતા જ-ન્મમાં મનનું બંધારણ બંધાય છે.

श्लोक.

दानंदुर्गतिनाशाय। शीलंसद्गतिकारणं।
तपःकर्मविनाशाय। भावनाभवनाशनी॥

અર્થ.—દાન કરવાથી દુર્ગતિનો નાશ થાય છે, શીયળ વ્રત પાળવાથી સારી ગતી મળે છે, તપ કરવાથી કર્મનો નાશ થાય છે, અને ભાવના ભા વવાથી જન્મમરણ બંધ થાય છે.

તપના ૧૨ પ્રકાર છે.

૧ અનશન.	૭ પ્રાયશ્ચિત.
૨ અવમોદર્થ.	૮ વિનય.
૩ વ્રતસંખ્યા.	૯ વૈયાવૃત્ત.
૪ રસપરિત્યાગ.	૧૦ સ્વાધ્યાય.
૫ ભૂમિશયન.	૧૧ કાયોત્સર્ગ.
૬ કાયકલેશ	૧૨ ધ્યાન.

ભાવના વિશે આગળ આપેલું છે તે વાંચનારે જોઈ લેવું.

વળી કર્મના ૨ પ્રકાર પડી શકે છે. ૧ કામ્ય કર્મ, ૨ નિષ્કામ્ય કર્મ (ફળની ઇચ્છા શિવાય જે કર્મ કરવું તે. નિષ્કામ્ય કર્મ કરવાથી માણસને હર્ષ શોક કદી પીડી શકતાં નથી. આ કર્મ સર્વથી શ્રેષ્ઠ છે.

श्रावकनां नित्यकर्म.

देवपूजागुरुपास्तिः। स्वाध्यायःसंयमस्तपः।
दानंचेतिगृहस्थानाम्। षट्कर्माणिदिनेदिने ॥

અર્થ.—દેવપૂજા, ગુરૂપૂજા, શાસ્ત્રપાઠ, ઇંદ્રિયોને વશ કરવી તે, વ્રત કરવાં અને દાન આપવું. આ ૭ શ્રાવકના નિત્ય નિયમ છે.

દાનના ૪ પ્રકાર છે.

૧ આહારદાન. ૩ શાસ્ત્રદાન.
૨ અભયદાન. ૪ ઔષધદાન.

દાન આપવું તે યોગ્ય સ્થળે અને પાત્ર જોઇને આપવું.

दातव्यमितियद्दानं। दीयतेऽनुपकारिणे।
देशेकालेचपात्रेच। तद्दानंसात्विकंस्मृतं ॥

અર્થ.—બદલો ન વાળી શકે એવાને અને દેશ, કાળ અને પાત્ર જોઇને દાન આપવું તે સાત્વિક દાન છે.

वृथावृष्टिःसमुद्रेषु। वृथातृप्तेषुभोजनं ॥
वृथादानंधनाढ्येषु। वृथादीपोदिवापिच ॥

અર્થ—સમુદ્રમાં વરસાદ નકામો છે, ધરાયલાને ભોજન આપવું તે પણ નકામું છે, પૈસાદારને દાન આપવું તે પણ નકામું છે, ને દિવસે દીવો પણ નકામો છે.

દાન ન આપે તેની સ્થીતિ કોના જેવી છે, તથા દાન આપવાથી શા શા ફાયદા થાય છે તે નીચેના શ્લોકપરથી જણાશે.

यस्यास्तिनोधनवतुःकिलपात्रदान-
मस्मिन्परत्रचभवेयशसेसुखाय ।
अन्येनकेनाचिदनुनसुपुण्यभाजा ।
क्षिप्तःससेवकनरोधनरक्षनाय ॥ १ ॥

અર્થ.—જે ધનવાન પુરૂષ આ લોકમાં યશને માટે અને પરલોકમાં સુખને માટે પાત્રને દાન આ-પતો નથી તે કોઇ પૂર્ણ ભાગ્યશાળી પુરૂષથી ધન ના રક્ષણને અર્થે સેવક તરીકે મુકાયેલો છે.

पुण्यक्षयात्क्षयमुपैतिनदीयमाना ।
लक्ष्मीरतःकुरुतसंततपात्रदानं ।
कूपस्यपश्यतजलंगृहिणःसमता ।
दाकृष्यमानमपिनर्धतएवनित्यं ॥ २ ॥

અર્થ.—પુણ્યના ક્ષયથી જે લક્ષ્મીનું દાન થતું નથી તે નાશ પામે છે, માટે પાત્રને દાન આપો. જુઓ કે કુવાનું પાણી લોકો ખેંચી લે છે, છતાં હમેશાં તે વધે છે.

किंजीवितेनकृपणस्यनरस्यलोके ।
निर्भोगदानधनबन्धनबध्दमूर्तेः ।
तस्माद्वरंबलिभुगुन्नतभूरिवाग्भि-
र्व्याहूतकाककुलएवबलिंसभुंक्ते ॥ ३ ॥

અર્થ.—ધનને બન્ધનમાં નાખી મુકનાર કંજુ-સના આ લોકમાં જીવવાથી શો ફાયદો છે. કારણ તેઓ તેને ભોગવી શકતા નથી કે દાન કરી શકતા નથી; તેના કરતાં તો કાગડો ઉત્તમ છે,

કારણ કે મોટા સાદે બધા કાગડાઓને તે એકઠા કરે છે ને બળીદાનનું ભોજન કરે છે.

श्वापिक्षितेरपिविभूर्जठरंस्वकीयं ।
कर्मोपनीतविधीनांविदधातिपूर्णम् ।
किंतुप्रशस्यनृभवार्थविवेकताना-
मेतत्फलंयादिहसंततपात्रदानं ॥ ४ ॥

અર્થ.—પૃથ્વીપર કુતરો વિધીના નિર્માણ પ્રમાણે પોતાનું પેટ પૂર્ણ રીતે ભરે છે. પરંતુ સ્તુતિપાત્ર મનુષ્યજન્મના વિનયનું ફળ હમેશ પાત્રને દાન આપવું એજ છે.

नार्थःपदात्पदमपिव्रजतित्वदियो ।
व्यावर्ततेपित्रवनादनुबन्धुवर्गः ।
दीर्घेपथिप्रविशतोभवतःसखैकं ।
पुण्यंभविष्यतिततःक्रियतांतदेव ॥ ५ ॥

અર્થ.—ખરેખર લક્ષ્મી એક પગલેથી બીજે પગલે જતી નથી. (સહેજવારમાં તજી દે છે) ભાઇભાંડુઓ સ્મશાનમાંથી પાછા જતા રહે છે પરંતુ લાંબા રસ્તામાં પ્રવેશ કરતાં એકલો પુન્ય તારો મિત્ર થશે માટે તું તે કર.

यत्नःकृतोऽपिमदनार्थयशोनिमित्तं ।
दैवादिहव्रजतिनिष्फलतांकदाचित् ।
संकल्पमात्रमपिदानःविधौतुपुण्यम् ।
कुर्यादसत्यपिहिपात्रजनेप्रमोदात् ॥ ६ ॥

અર્થ.—કામ, અર્થ ને યશને નિમિત્તે કરેલો પ-

ન કદાચ વૃથા જાય છે, પરન્તુ ખુશીથી પાત્ર જન-
નને સંકલ્પ માત્ર દાન આપ્યું હોય તો તેનું
પુણ્ય મળે છે.

दानप्रकाशनमशोभनकर्म्मकार्य्य ।
कार्पण्यपूर्णहृदयायनरोचतेऽदः ।
दोषोज्झितंसकललोकसुखप्रदायि ।
तेजोरवेरिवसदाहतकौशिकाय ॥ ७ ॥

અર્થ.—જેવી રીતે ભાગ્યહીન ઘુવડને દોષર-
હીત અને લોકોને સુખ આપનારૂં સૂર્યનું તેજ
ગમતું નથી તેવી રીતે અશુભ કર્મ કરનારા કંજુ-
સના હૃદયને આ દાનનો પ્રકાશ ગમશે નહીં.

આ દુનિઆમાં માણસ માત્ર મરનાર છે. શું
મરનાર છે માટે તેણે શુભ કર્મ ન કરવાં? માણ-
સ કરે છે તેવું ભોગવે છે. સારાં કર્મનો સારો ઉ-
દય છે. દરેક માણસને માટે આ નિયમ છે કે તે
દુનિયાને માટે જન્મ્યો છે, દુનિયા તેને માટે નથી.
દુનિયાની ને લોકોની સેવા કરવા માટે તે અવ-
તરેલો છે. આપણા લોકો ભક્તિ ભક્તિ કરી પો-
કાર કરે છે. ભક્તિ તે આજ છે કે લોકોની સેવા
કરવી, લોકોને મદદ કરવી. પુણ્યનો પહેલો રસ્તો
આજ છે કે લોકોનાં દરિદ્ર કાપવાં, કુમાર્ગમાંથી
સન્માર્ગમાં લાવવાં, ને તેમનો ઉદય કરવો. યાદ
રાખજો કે જે લોકો પરપીડા નથી જાણતા, જે
લોકો કંજુસ છે, એકલપેટા છે, સ્વાર્થી છે, તે લો-
કો આ દુનિઆમાં કહેવા દિલગીર છું, કે તે લો-
કો પશુની પંકિતમાં પણ બેસવા નાલાયક છે.

હવે આના વિશે વધારે શું કહેવું? ડાહ્યા માણસો થોડેથીજ સમજશે. કંજુસ ને એકલપેટાઓ તો આ વાંચીનેજ આનાથી વિમુખ થશે.

श्रावकना २१ गुण.

૧	લજ્જાવંત.	૧૧	દીર્ઘવિચારી.
૨	દયાવંત.	૧૨	દાનવંત.
૩	પ્રસન્ન.	૧૩	શીલવંત.
૪	પ્રતીતવંત.	૧૪	કૃતજ્ઞ
૫	પરદોષાચ્છાદન.	૧૫	તત્ત્વજ્ઞ.
૬	પરોપકારી.	૧૬	ધર્મજ્ઞ.
૭	સૌમ્યદ્રષ્ટિ.	૧૭	મિથ્યાત્વ રહીત.
૮	ગુણગ્રાહી.	૧૮	સંતોષવત.
૯	શ્રેષ્ટપક્ષી.	૧૯	સ્યાદ્વાદભાષણ.
૧૦	મિષ્ટવાદી.	૨૦	અભક્ષ્યત્યાગી.
		૨૧	ષટ્કર્મપ્રર્વીણ.

---

१६ स्वर्ग.

૧	સૌધર્મ.	૯	શુક્ર.
૨	ઇશાન.	૧૦	મહાશુક્ર.
૩	સનત્કુમાર.	૧૧	શતાર.
૪	માહેંદ્ર.	૧૨	સહસ્રાર.
૫	બ્રહ્મ.	૧૩	આનત.
૬	બ્રહ્મોત્તર.	૧૪	પ્રાણત.
૭	લાંતવ.	૧૫	અરણ.
૮	કાપિષ્ટ.	૧૬	અચ્યુત.

આ સ્વર્ગનાં નામ પૃથ્વીના રંગ ઉપરથી પડ્યાં છે. ત્યાંની સ્થિતિ કેવી છે તે વિશે નીચેના શ્લોકોપરથી જણાશે.

नव्याधिर्नचदौर्बल्यं । निर्धनस्सधनोनच ।
नलध्विष्टोमहान्नैव । नसुरकावियोगतः ॥
नशोकोनैवनिद्राच । नालस्यंचभयादिकं ।
नोत्तमोनाधमोकोऽपि । संयोगोनावियोगता ॥
नशत्रुत्वंचमित्रत्वं । नस्त्रीकामानिषेवणं ।
नोजरानाल्पमृत्युश्च । तत्रतेषांत्रिलोक्यते ॥
कदाचित्नात्रवर्तन्ते । ग्रीष्मर्तुर्हिमर्तवः ।
एकैवास्तिकालोऽयं । समस्तोपद्रवोज्झितः ॥
नाविकलाङ्गोमदोन्मत्तः । कुरूपोनिर्गुणोजडः ।
पापात्माविकुलःक्रूरो । नकाचिद्वर्ततेतराम् ॥

અર્થ.—ત્યાં (સ્વર્ગમાં) નથી રોગ કે નથી નબળાઇ, નથી કોઇ ગરીબ કે નથી કોઇ ધનાઢ્ય, નથી કોઈ છોટો કે નથી કોઈ મોટો, તેમજ દેવને વિયોગતા નથી, નથી ત્યાં શોક કે નથી નિદ્રા, નથી આળસ કે નથી ભય, નથી કોઈ નીચ કે નથી કોઇ ઉંચ, નથી કોઇનો મેળાપ કે નથી કોઇનો વિયોગ, નથી કોઇ શત્રુ કે નથી કોઇ મિત્ર, તેમ નથી સ્ત્રી કામને સેવતી. ત્યાં ઘરડપણ નથી તેમજ મૃત્યુ નથી, નથી ત્યાં ગરમઋતુ કે નથી ઠંડી ઋતુ, સર્વ ઉપદ્રવથી રહીત એકજ કાળ છે. કોઇ ત્યાં વિકલાંગી તેમજ મદોન્મત્ત નથી, કોઇ કુબડો નથી કે નથી કોઇ ગુણવગરનો જડ, નથી ત્યાં પાપાષ્ટ કે નથી કોઇ વ્યાકુળ કે નથી કોઇ ક્રુર.

કહો ભાઇઓ, આવી જગ્યાનું અનંત સુખ મેળવવા કોણ પ્રયત્ન નહીં કરે? આશા છે કે દરેક જણ કરશે અને તેને માટે ધર્મને વળગશે.

सात नर्क.

૧ રત્નપ્રભા.	૫ ધૂમપ્રભા.
૨ શર્કરપ્રભા.	૬ તમપ્રભા.
૩ વાલુકાપ્રભા.	૭ મહાતમપ્રભા.
૪ પંકપ્રભા	

નર્કને સંસ્કૃતમાં બિલ કહે છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે.

૧ धमा.	५ अरिष्टा.
२ वंसा.	६ मघवी.
३ मेघा.	७ माघवी.
४ अंजना.	

રત્ન એટલે હીરો, શર્કર એટલે સાકરનો કાંકરો વાલુકા એટલે રેતી, પંક એટલે કાદવ, ધૂમ એટલે ધુમાડો, તમ એટલે અંધારૂં, મહાતમ એટલે ઘોર અંધારૂં

आठ द्वीप.

૧ જંબુદ્વીપ	૫ ક્ષિરવરદ્વિપ
૨ ધાતકિદ્વીપ	૬ ઘૃતવર ,,
૩ પુશ્કરાવર્તદ્વીપ	૭ ઇક્ષુવર ,,
૪ વારૂણિવરદ્વીપ	૮ નંદિશ્વર ,,

અઢી દ્વીપનો નકશો નીચે પ્રમાણે છે. જંબુદ્વીપ, ધાતકીદ્વીપ, અને અડધો પુશ્કરાવર્તદ્વીપ. પુશ્કરાવર્તના અડધા ભાગમાં વસ્તી નહીં હોવાથી તેને અડધો લીધેલો છે.

૧ જંબુદ્વીપ એક લાખ યોજનનો (યોજન=૨૦૦૦ કોશ) તેની આજુબાજુએ લવણ સમુદ્ર બે લાખ યોજનનો છે.

ધાતકિદ્વીપ. (ચાર લાખ યોજનનો) તેની આજુ બાજુએ કાળો સમુદ્ર (આઠ લાખ યોજન)

પુશ્કરાવર્ત દ્વીપ—(સોળ લાખ યોજન)

આ દ્વીપની વચ્ચોવચ માનુષોત્તર પર્વત પડેલો છે.

सात व्यसन.

द्यूतंमांसंसूरावेश्या । खेटंचौर्यंपरांगना ।
महापापा निसप्तानि । व्यसनानित्यजद्बुधः ॥१॥

અર્થ.—જુગાર, માંસ, દારૂ, વેશ્યા, શીકાર, ચોરી, અને પરસ્ત્રી એ સાત મોટાં પાપ છે. માટે ડાહ્યા માણસે એ વ્યસનને તજી દેવાં જોઇએ.

द्यूतक्रीडांप्रकुर्वन्ति येखलाअत्रतेध्रुवं ।
अकीर्तिंद्रव्यनाशंच प्राप्यश्वभ्रेपतन्त्यहो ॥२॥

અર્થ.—જે ખલ લોકો જુગાર રમે છે તે આ દુનીઆમાં અપકીર્તિને પામે છે, દ્રવ્યનો નાશ કરે છે અને નર્કમાં પડે છે.

द्यूतमुलानिसप्तैव व्यसनानिभवन्तिवै ।
द्यूतंयोरमतेतस्य स्युःसर्वव्यसनान्यलं ॥३॥

અર્થ.—ખરેખર જુગાર સાત વ્યસનનું મુલ છે, માટે જે જુગાર રમે છે તેને સર્વ વ્યસન વળગે છે.

द्यूताद्धर्मसुतोराजा प्राप्तोदुःखमनेकधा ।
राज्यभ्रष्टाटवीवास संगरादिभवंघनम् ॥४॥

અર્થ.- જુગારથી ધર્મસુત રાજા અનેક દુઃખ પામ્યો. રાજ્યથી ભ્રષ્ટ થયો, સંસારમાં રખડતો થયો, અને સંગરામ આદિ અતિશય દુઃખ પામ્યો.

पलाशनवशान्नष्ट इहलोकेबकोनृपः ।
राज्यनाशंपरिप्राप्य मग्नःसंसारसागरे ॥५॥

અર્થ. -માંસ ખાવાથી બકરાજા આ લોકમાં નાશ પામ્યો. અર્થાત્ તેનું રાજ્ય નાશ થયું અને સંસાર સાગરમાં ડુબી ગયો.

मद्यपानात्प्रनष्टाहि यादवानृपनंदना ।
नइहैवप्राणपर्यंतम् प्राप्यदुःखंकुमार्गगाः ॥६॥

અર્થ.—મદ્યપાન કરવાથી ખરાબ રીતે ચાલનાર યાદવો નાશ પામ્યા, તેઓ આ લોકની અંદર પ્રાણસુધી દુઃખ પામ્યા એટલુંજ નહિ, પરંતુ પરલોકની અંદર પણ દુઃખ પામ્યા.

चारुदत्तेनसंप्राप्तं दुःखंवेश्याप्रसंगतः ।
द्रव्यनाशंभवंविष्टा मेध्यनिक्षेपजंपरम् ॥७॥

અર્થ.- વેશ્યાનો પ્રસંગ કરવાથી ચારૂદત્તે પૈસા

નો નાશ કર્યો, અને તેના સાથે વિષ્ટા અને મળ-મુત્રાદિકવાળી જગ્યામાં નંખાયો.

ब्रह्मदत्तोनृपःप्राप्तो दुःखमाखेटतःस्वयं ।
भवाब्धौबहुशोघोरं मज्जनोन्मज्जनादिजं ॥८॥

અર્થ.—શીકારથી બ્રહ્મદત્ત રાજા અતિશય દુઃખ પામ્યો અને ભવસાગરમાં ડુબ્યા કર્યું.

चौर्यव्यसनतोघोरं दुःखंप्राप्नोतिदुःसहं ।
शिवभूतिरिहामुत्र क्लेशबन्धवधादिजं ॥९॥

અર્થ.—ચોરીના વ્યસનથી શિવભૂતિનો કલેશ થયો, ને બંધનમાં પડયો અને તેનો આખરે વધ થયો. એવી રીતે અસહ્ય દુઃખ પામ્યો.

सीताहरणाद्रुतश्वभ्रं त्रिखण्डाधिपरावणः ।
कुकीर्तिराज्यनाशंच वधंप्राप्यकुमार्यकः ॥१०॥

અર્થ.—સીતાના હરણ કરવા થકી ત્રણ ખંડના રાજા ઉદ્ધત રાવણની અપકીર્તિ થઇ, રાજ્યનો નાશ થયો, તે મરાયો, અને નર્કમાં પડયો.

व्यसनान्येनयस्त्यक्तु मशक्योधर्ममिवाते ।
चरणाभ्यांविनाखञ्जो मेरुमारोहितुंसच ॥११॥

અર્થ.—જે આ વ્યસનોને તજી શકતો નથી તે, જેવી રીતે પગ વીનાનો લંગડો પુરૂષ મેરૂપર ચઢી શકતો નથી તેવી રીતે ધર્મ પાળી શકતો નથી.

मौन धारण करवा विशे.

भोजनेवमनेस्नाने । मैथुनेमलमोचने ।

सामाइकेजिनार्च्चायां । गृह्यतांमौनसप्तकं ॥१॥

અર્થ.—ભોજન કરતી વખતે, ઉલટી વખતે, મૈથુન વખતે, મળમુત્ર કાઢતી વખતે, સામાઈક કરતાં ને જીનપૂજા કરતાં મૌન ધારણ કરવું જોઇએ.

चंदन लगाववानो मंत्र.

अर्हंतेतिलल्लाटेच । सिद्धेचहृदयेतथा ।

आचार्यःशोभतेकण्ठे । पाठकेदक्षिणेभूजे ।

साधूश्चवामभागेषु । पंचस्थानेप्रकीर्तित ॥१॥

અર્થ.—અરિહંતજીનો ચાંલો કપાળે, સિદ્ધજીનો છાતીએ, આચાર્યજીનો ગળે, ઉપાધ્યાયજીનો જમણે હાથે ને ડાબે હાથે સર્વ સાધુજીનો.

जल गाळवानी क्रीया.

मुहूर्तगालितंतोयं । प्रासुकंप्रहरद्वयं ।

उष्णोदकमहोरात्रं । पश्चात्सन्मुर्च्छनंभवेत् ॥१॥

અર્થ.—ગાળેલું પાણી બે ઘડી સુધી, લવીંગ વીગેરે નાંખેલું પાણી બે પહોર સુધી, ને ગરમ પાણી એક દિવસ અથવા એક રાત્રી સુધી વાપરી શકાય. પછીથી તેમાં જીવ પડે છે.

मारुदेवीनां सोळ स्वप्न.

मातंगगोहारिरमावरदामचंद्र ।
मार्तण्डमीनघटयुग्मतडागसिन्धुः ।
सिंहासनंचवरयानफणीन्द्रगेहं ।
स्याद्रत्नराशिहुतभुक्षणदाभिरामाः ॥१॥

અર્થ.—હાથી, ગાય, સિંહ, લક્ષ્મી, રત્નમાળા, ચંદ્ર, સૂર્ય, માછલી, ઘડાની જોડ, તળાવ, સમુદ્ર, સિંહાસન, વિમાન, નાગનું ઘર, રત્નનો ઢગલો ને અગ્નિજવાળા.

देवदर्शन.

ॐ

ॐ जयजय निःसहि निःसहि निःसहि.

निःसंगोऽहंजिनानांसदनमनुपमंत्रिःपरित्येतिभक्त्या ।
स्थित्वागत्वानिषिद्युच्चरणपरिणतांतःशनैर्हस्तयुग्मं ।
भालेसंस्थाप्यबुध्यामयदुरितहरंकीर्तयेशक्रवंद्यं ।
निंदादूरंसदाप्तंक्षयरहितममुंज्ञानभानुंजिनेंद्रम् ॥

दर्शनंदेवदेवस्य । दर्शनंपापनाशनं ।
दर्शनंस्वर्गसोपानं । दर्शनंमोक्षसाधनं ॥
दर्शनेनजिनेंद्राणाम् । साधूनांवंदनेनच ।
नचिरंतिष्ठतेपापम् । छिद्रहस्तेयथोदकं ॥

वीतरागमुखंद्रष्ट्वा । पद्मरागसमप्रभं ।
अनेकजन्मकृतंपापं । दर्शनेनविनश्यति ॥
दर्शनंजिनसूर्यस्य । संसारध्वान्तनाशनं ।
बोधनंचित्तपद्मस्य । समस्तार्थप्रकाशनं ॥
दर्शनंजिनचंद्रस्य । सद्धर्मामृतवर्षणं ।
जन्मदाहविनाशाय । वर्धनंसुखवारिधेः ॥

जीवादितत्वंप्रतिदर्शकाय ।
सम्यक्तमुख्याष्टगुणाश्रयाय ।
प्रशांतरूपायदिगंबराय ।
देवाधिदेवायनमोजिनाय ॥

चिदानन्दैकरूपाय । जिनायपरमात्मने ।
परमात्मप्रकाशाय । नित्यंसिद्धात्मनेनमः ॥
अन्यथाशरणंनास्ति । त्वमेवशरणंमम ।
तस्मात्कारुण्यभावेन । रक्षरक्षजिनेश्वर ॥
नहित्राातानहित्राता । नहित्राताजगत्त्रये ।
वीतरागात्परोदेवो । नभूतोनभविष्यति ॥
जिनेभक्तिर्जिनेभक्ति । र्जिनेभक्तिर्दिनेदिने ।
सदामेऽस्तुसदामेऽस्तु । सदामेऽस्तुभवेभवे ॥
जिनधर्मविनिर्मुक्तो । माभूवंचक्रवर्त्यपि ।
संचितोऽपिदरिद्रोऽपि । जिनधर्मानुवासितं ॥
जन्मजन्मकृतंपापं । जन्मकोटिमुपार्जितं ।
जन्ममृत्युजरारोगं । हन्यतेजिनदर्शनात् ॥

आद्याभवत्सुफलतानयनद्वयस्य ।
देवत्वदियचरणांबुजवीक्षणेन ।
अद्यत्रिलोकतिलकप्रतिभाषतेमे ।
संसारवारिधिरयंचुलकप्रमाणं ॥

इति देवदर्शन सम्पूर्ण.

ॐ शब्दनी उत्पत्ति.

આ શબ્દ પંચપરમેષ્ટિ (અરિહંતજી, સિદ્ધજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, ને સર્વસાધુજી)ના નામને માટે વપરાય છે.

अ+अ+आ+उ+म्.

પહેલો अ અરિહંતજીના નામને માટે છે. બીજો अ સિદ્ધજી (અશરિરીક) ના નામને માટે છે. आ આચાર્યજીના નામને માટે છે. उ ઉપાધ્યાયજીના નામને માટે છે. म् સાધુજી (મુનીજી) ના નામને માટે છે.

ગીતિ.

ધર્મતત્ત્વના નાવે, તરવા ભવાબ્ધિ લોકોને;
જીનશાળા અર્પે છે, આ તત્ત્વસંગ્રહ ઉલ્લાસે.

(इति तत्त्व समाप्तः)

શીખામણ.

દોહરો.

આદિનાથને પ્રણમું, લાગુ સરસ્વતિ પાય;
વિનતી કહું એક ધર્મની, સાંભળજો નરનાર.

રાગ રામગ્રી.

ધર્મ પાળોરે પ્રાણીઓ, જેમાં સુખ બહુ થાય;
દગોરે કપટ સૌ તજીએ, ઓર તજો અભિમાન. ધર્મ૦
તપ વ્રત શ્રાવક આદરો, મેલી મોહની જાળ;
પંચેંદ્રિયો વશ કરી, કરો ધર્મનાં કાજ. ધર્મ૦
માત તાત સુત બાંધવો, એની ભ્રાત ને નાર;
અંત સમે કો આવે નહીં, માટે મેલ તું મોહ. ધર્મ૦
કુદેવ કુગુરૂને તજો, ઓર તજો કુશાસ્ત્ર;
દેવ ભજો અરિહંતને, ગુરૂ સેવો નિગ્રંથ. ધર્મ૦
શાસ્ત્ર સુણોરે જૈનતણા, અંત સમે આવે કામ;
મિથ્યાદૃષ્ટિ છોડીને, જીન મારગ તું ઝાલ. ધર્મ૦
સમ્યક રાખોરે શ્રાવકો, જેમાં પામો સ્વર્ગવાસ;
દર્શન જ્ઞાન ચારિત્ર એ, ત્રણે રત્ન ભંડાર. ધર્મ૦
બહુ પુણ્ય કીધા થકી, મળે મનુષ્ય અવતાર;
તેથી ઉત્તમ જૈની થયા, કેમ ખુઓ વૃથા કાળ. ધર્મ૦
હંસ ઉડીને જાતો રહેશે, ખુલી રહેશે કાય;
માનવી ફંકી મુકશે, માટે વિચાર તું ગુમાર. ધર્મ૦
પાપ પુણ્ય બે ભાઇ રે, દોનું ચાલે સંગાત;
પુણ્ય કરે તો સ્વર્ગમાં, પાપ નર્કે લઇ જાય. ધર્મ૦
ચાર દિવસની ચાંદની, એવો મનુષ્ય અવતાર;
પાણી કેરો પરપોટોરે, જાતાં નવ લાગે વાર. ધર્મ૦

જૈન ધર્મ એક સાર,
જગતમાં સબહીકો હિતકારીરે;
મન વાંછીત ફલ પાય ભવિકજન,
મહિમા અપરંપારીરે. જૈન૦

જલત કાષ્ટમેં નાગ નાગણી,
જીનવાણી ચિત ધારોરે;
ગતી સુધરગઈ નાગ જુગલકી,
સુરપદવી લે ભારીરે. જૈન૦

ચૌદસકે દિન નીયમ લીયો,
ત્રસ જીવકી હિંસા ટારીરે;
સો ચંડાલકો ગીરત નદીમાં,
સિંહાસન હોયે જારીરે. જૈન૦

કાગ માંસકો ત્યાગી ભીલજો,
પાયો સુરકી નારીરે;
રત્નકીર્તિ ગુરૂ સોઈ ધરમ,
મમ ભવજલ પાર ઉતારીરે. જૈન.

જગતવાસી જીવ સબ ચેતો કયું નહીં,
એસો અવસર ફેર તુમે પાવોગે નહીં.
આર્યખંડ મનુષ્ય દેહ શ્રાવક કુલ સહી,
પુત્ર કલત્ર ધનધાન્ય સંપદા મહીં. જગત૦

મેઘપટલ છાયાજુ સંસાર સમજહી;
છીન માંહી નાશ હોત, સબ દેખતે રહી. જગત૦

આજ કાલ કરત વખત જાયગો વહી;
રત્નકીર્તિ ગુરૂ કહે પસ્તાવોગે ભાઈ. જગત૦

ધન્ય ધન્ય એસે સાધુ શીરોમણી;
મન મરકટ વશ કીનોહે;
ધ્યાન પાંજરે રોકી જીનોને,
પાઉં રહીત કરદીનો હેં. ધન્ય ધન્ય૦

તપ જપ ધ્યાન ધરે બહુ વિધીએ,
વિધીઓ મનવશ રહો ન જીનોહેં;
અકલ કહાવે વેલુ પીલેકે,
જેસે તેલ નહી લીનોહે. ધન્ય ધન્ય૦

તંદુલ મચ્છક નીજ મનતેં બાંધે,
અધગ મહામચ્છ સમગીનો હે;
નરક સાતમેં જાય પાપી સો,
દ્રવ્ય પાપ નહીં કીનોહે. ધન્ય ધન્ય૦

પાતે જો કરણી કર્યું ચાહો.
કરી મન નીજ આધીનો હે;
રત્નકીર્તિ ગુરૂ મન વશ કીયે વીના,
આત્મરસ નહીં પીનો હે. ધન્ય ધન્ય૦

રાસ.

ચાલો જઇએ રહીએ બોરસદ શહેરમાંરે;
જયાંહાં બીરાજ્યા છે રીખવ જીણંદ-
વંદો ભાવ ધરી જીનનાથનેરે.

સાખી.

તિર્થંકર સ્વામી બડા, દિગંબર શીરતાજ;
સંકટ સૌનાં ભાગીઆં, કીધો જય જય આજ.
માટે જીણંદ વહાલાને નીત્ય વાંદજોરે,
જેથી પાપ છુટી ભવો ભવનાં જાય. વંદો૦

સાખી.

સાલ ઓગણીસેં એકત્રીસ, બેઠા આસન ઉમંગ;
હરખ્યા જૈની શ્રાવકો, અતિ મન ઉછંગ.
સુંદર ઉગમણે મુખે પ્રભુ બીરાજીઆરે,
જેની શોભા તણો દીસે નહીં પાર. વંદો૦

સાખી.

પચુસણના પર્વમાં, આવે મંદીર માંય;
બોચાસણ રૂહેલના, શ્રાવક તુજ ગુણ ગાય.
માટે તેઓ છે ઉમંગી અતી ઘણારે,
તેથી પુરજો તેમના મન તણી આશ. વંદો૦

સાખી.

પાઠશાળા સૌ વંદે છે, કરજોડીને આજ;
સારાં કામ સફળ કરી, પુરો સર્વની આશ.
જેથી ઉમંગે તમારા ગુણ ગાઇએરે,
સદા શાંતિ આપો અવિચલ આજ. વંદો૦

દોહરો.

ગુણવંત રત્નકીર્તિજી, જૈન ધર્મ મહારાજ;
બોરસદ માંહે બીરાજીઆ, અતી હર્ષથી આજ.

ભૂજંગી.

અમે માનીએ જૈન ધર્મ છે સારો,
સદા જ્ઞાન આપી કરોને વધારો;
એવી આપે કૃપા કરી ધર્મ ધારી,
ગુરૂ રત્નકીર્તિ સદા સુખકારી. ૧
પુરી મલખેડ અતી મુલ્યવાન,
કરે જૈની ભાઈ સદા ધર્મ ધ્યાન;

જૈની શાસ્ત્રતણી અતી બલીહારી,
ગુરૂ રત્નકીર્તિ સદા સુખકારી. ૨
સંવત્ ઓગણી ને પીસ્તાલીજ વર્ષે,
બેઠા આપ ગાદી અતી મન હર્ષે;
દિક્ષા બાળપણે લીધી ધર્મધારી,
ગુરૂ રત્નકીર્તિ સદા સુખકારી. ૩
ભાષા સંસકૃત અતી ગુણવંત,
ધરી આપ કંઠે થયા કીર્તિવંત;
હીરાલાલ પંડીત છે હીતકારી,
ગુરૂ રત્નકીર્તિ સદા સુખકારી. ૪
લઘુ શાળાને બોધ દીધોજ સારો,
વિદ્યાદાન આપી કર્યો છે વધારો;
લાલચંદ પંડીતની બુદ્ધિ સારી,
ગુરૂ રત્નકીર્તિ સદા સુખકારી. ૫

अष्टक लिख्यते.

गंगासिद्वादीनिर्मलनिर ॥ सुवर्णभृंगारषचीत हीर ॥ जन्ममृत्युजराकृतचीर ॥ जीनेंद्रपायेपुजासुभावेकरुनि ॥ पुजोपुजोश्रीअरिहंतदेवा ॥ सतइंद्रकरे जाचीसेवा ॥ आहेपून्याधर्माचाडेवा ॥ जीनेंद्रपाये पुजासुभावेकरुनि ॥१॥जलं॥ मीतकेसरकास्मीरसानि ॥ सीतश्रीखंडकर्पुरलाने ॥ करेसंसारतापाचीहानि ॥जीनेंद्र० ॥चंदनं॥ नागचंपकचंपाचंबेली ॥ मंद

मंदारपुष्पबहुमेली ॥कामबाणाचीहोंतसेहेली ॥ जीनें-द्र०॥पुष्पं॥ साली कमोद जात सुगंधी ॥ जाचीमुक्ता-फला कृत सीद्धी करे॥ अक्षय पदाची ऋद्धी ॥जीनेंद्र० ॥ अक्षतं॥ घृत घेबेर साकर पुरी ॥ मेवा मिष्ठान मी-श्रीत खीरी ॥ जानेके ते क्षुधा रोग दुरी ॥जीनेंद्र०॥ नैवेद्यं॥ घृत भरुनि दीप प्रजाली ॥ जाचें रत्न नकी उ नीहाली ॥महा मोहांधकारमि टाणी॥ जीनेंद्र०॥ दीपं॥ क्षेवुं जीनाग्र धुप पध्यानी ॥ दुससुगंध वास सुलानी ॥ करे अष्ट कर्मांची हानि ॥ जीनेंद्र०॥ धुपं॥ जंबा जंबीर नारंगी केला ॥ पीस्ता बदाम अखोड मेवा ॥ करे मोक्ष पदा चाहेला ॥ जीनेंद्र० ॥ फलं ॥ अष्ट द्रव्योदए कृत जोडी॥ कर्म बंधाचे बंधन तो-डी॥ हेम कीर्ति भवाम भव फेडी ॥जीनेंद्र०॥अर्घं॥

आशिर्वाद विसर्जनं लिख्यते.

आवाहनं आवाहनं नजानामि नजानामि वि-सर्जनं विसर्जनं पुजा आर्चानजानामि ॥ तमक्षयं परमेश्वरं मंत्रीहिनं क्रीयाहिनं द्रव्यहिनं कृतंमया ॥ त्वत्तु सर्वज्ञ मतादेवा तत्व प्रसादान्तु ॥ जीन प्रभु अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम ॥ तस्मात् कारुण्य भावेन रक्ष रक्ष जिनेश्वरः॥ संपूर्ण ॥

अथ आरति लिख्यते.

જય જય આરતિ આદિ જિનંદા,
નાભીરાયા મરૂદેવીકો નંદા;
પહેલી આરતિ પુજા કીજે,
નરભવ પામી લાવો લીજે. જયજય૦ ૧
દુસરી આરતિ દીન દયાળ;
ધુળેવ મંડપ અતિ ઉજવાળાં. જયજય૦ ૨
તીસરી આરતિ ત્રીભુવન દેવા;
સુરીનર ઇંદ્રિ કરે તારી સેવા. જયજય૦ ૩
ચોથી આરતિ ચઉદીસી ચુરે;
મનવાંચ્છિત ફલ સીવસુખ પુરે. જયજય૦ ૪
પંચમી આરતી પુન્ય ઉપાયો;
મુલચંદલેહેરી રીખવ ગુણ ગાયો. જયજય૦ ૫

संपुर्ण.

श्री निर्वाणकांड भाषा लिख्यते.

॥ दोहा ॥

वीतराग वंदु सदा, भाव सहित सिरनाय ॥
कहुं कांड निरवाणकू, भाषा विविध बनाय ॥१॥

॥ चोपाई ॥

अष्टापद आदीश्वर स्वामि, वासपूज्य चंपापुरि नामि ॥ नेमनाथ स्वामी गिरनार, वंदो भाव भक्ति उरधार ॥१॥ सरव तिर्थंकर चरम शरीर, पावापुरि स्वामी महावीर ॥ शिखर सुमेद जिनेश्वर वीस, भावसहित वंदो जगदीस ॥२॥ बरदत्त उरइंद मुनिंद, सायरदत्त आदिगुणवंद ॥ नगरि तारंगे मुनि उठ कोडि, वंदौ भाव सहित करजोडि ॥३॥ श्री गीरनार शिखर विख्यात, कोडि बहोतरि अरुसैसात॥ संबु प्रद्युम्न कुवर दोय भाय, अनुरूद्ध आदि नमू तसुपाय ॥ ४ ॥ रामचंद्रके सुत दोय वीर, लाड नरिंद्र आदिगुणधीर ॥ पंचकोडि मुनि मुक्ति मझ्यार, पावागिरि वंदौ निरधार ॥५॥ पांडव तीन बडे राजान, आठ कोटि मुनि मुक्ति प्रमाण ॥ श्री सत्रुंजा शिखर के सीस, भाव सहित वंदो जगदीस ॥६॥ जय बालिभद्र मुक्तिमै गये, आठ कोटि मुनि और जु भये ॥ श्री गजपंथ शिखर सुविशाल, ति-

नके चरण नमू तिहुकाल ॥ ७ ॥ रामहणू सुग्रीव सुडील, गव गवाख्य नील महानील ॥ कोडिनिन्याणू मुक्ति प्रमाण, तुंगि गिरिवंदो धरिध्यान ॥ ८ ॥ नंग अनंग कुमार सुजाण, पंच कोडि अरुधर्म प्रमाण ॥ मुक्ति गये सोनागिरि सीस, ते वंदौ त्रीभुवन पतिईस ॥९॥ रावणके सुत आदि कुमार, मुक्ति गये रेवा तटसार ॥ कोडिपंच अरु लाख पच्चास, ते वंदौ धरि परम उलास ॥१०॥ रेवानदी सिद्धवर कूट, पश्चिम दिशा देह जहां छूट ॥ दो चक्री दश काम कुमार ॥ औट कोडि वंदौ भवपार ॥ ११ ॥ वडवाणीवर नगर सुचंग, दक्षिण दिशा गिरि चूल उत्तंग ॥ इंद्रजीत अरुकुंभजु कर्ण, ते वंदौ भवसागर तर्ण ॥१२॥ सुवर्ण भद्र आदि मुनिच्यार, पावा गिरिवर शिखर मझ्यार ॥ चलनानदी तीरके पास, मुक्ति गये वंदौ नित तास ॥१३॥ फलहोडिवर गाम अनूप, पश्चिम दिशा द्रोनागिरि रूप ॥ गुरुदत्त आदि मुनिश्वर जहां, मुक्ति गये वंदौ नित तहां ॥१४॥ व्याल महाव्याल मुनि दोय, नागकुमार मिलित्रय होय ॥ श्री अष्टापद मुक्ति मझ्यारी, ते वंदौ नित सुरति संभारि ॥१५॥ अचलापुरकी दिशा इशान, तहां मेंढगिरि नाम प्रधान ॥ साडतीन कोडि मुनिराय, तिनके चरण नमू चित्तलाय ॥१६॥ वंशस्थल

वनके ढिग होय, पश्चिम दिशा कुंथुगिरि सोय ॥ कुल भूषण देश भूषण नाम, तिनके चरण करूं प्रणाम ॥१७॥ जसधर राजाके सुत कहे, देश कलिंग पंचसै लहे॥ कोडि शिला मुनि कोडि प्रमाण, वंदन करौं जोडि जुगपान ॥१८॥ समवशरण श्री पार्श्वजिनंद्र, रिसंदेह गिरि नैनानंद ॥ वरदत्त आदि रिषिराज, ते वंदौं नित धर्म जिहाज ॥१९॥ तीन लोकके तीरथ जहां, नित प्रतिवंदन कीजे तहां ॥ मन वच भाव सहित सिरनाय, वंदन करे भविक गुण गाय ॥ २० ॥ संवत सत्रइसै इकताल, अश्विन शुदि दशमी सुविशाळ ॥ भैया वंदन करे त्रिकाल, जे निवार्णकांड गुणमाल ॥२१॥

॥ इति निर्वाणकांड समाप्त ॥

नमोस्तु.

શ્રી જૈન દિગંબરી ધર્મોત્તજક પાઠશાળા.

આ શાળાની સ્થાપના સંવત ૧૯૫૪ ના શ્રાવણ સુદ ૧ ને રોજ થઇ છે. તેમાં વિદ્યાર્થી ૧૦ છે. મેંમ્બરો સાત છે. તેમની વ્યવસ્થાથી આ શાળા ચાલે છે. મુંબઇ નિવાસી શા. શા. ઝવેરી. માણેકચંદ પાનાચંદે સારો આશ્રય આપેલો છે, ને હજુ આપતા રહે છે; જેથી આ જૈનશાળા તેમનો ખરા અંતઃકરણથી આભાર માને છે.

આ શાળાને બોરસદના દિગંબરી ભાઇઓએ યથાશક્તિ અને યથેચ્છા આશ્રય આપેલો છે. આ બાજુએ બીજી કોઈ જગોએ દિગંબરી શાળા સ્થપઇ છે એવું સાંભળવામાં આવ્યું નથી. આ શાળ પહેલ વહેલીજ છે, માટે ધર્માત્માઓએ આને આશ્રય આપવો જોઇએ; જેથી આ શાળાને ઉત્તેજન મળે અને બીજી જગ્યાઓમાં શાળાઓ સ્થાપવાનું લોકોને મન થાય

લી. જૈન દિગંબરી ધર્મોત્તેજક પાઠશાળા

ના જયજીનેંદ્ર.

शुद्ध पत्रिका.

पान.	लीटी.	अशुद्ध.	शुद्ध.
३	३	मातृवत	मातृवत्
,,	१ (श्लो. ४)	ए	ये
२१	८	मागम्	मासागम
,,	९	पोदं	षोढ
२५	१९	જીતવા	જીતવાં
२९	३	चिद्नुन	चिद्नुनं
३१	६	दोषोज्जितं	दोषोझ्झितं
,,	,,	मदायि	मदायी
,,	२०	કરવી	કરવી.
,,	२५	દુનિઆમાં	દુનિઆમાં,
३३	९	लध्धि	लब्धि
,,	२६	કર	કુર
३७	१८	लज्जो	लज्जो
३९	१६	ाजनेंद्रम्	जिनेंद्रम्
४०	४	समस्प्तार्थ	समस्तार्थ
४३	१		(નરભવ પાકર ધર્મ નકીનો-એ રાગ.)
४४	१		,,
४५	२५	કરે	ધરે
४६	१६	भृंमार	शृंगार

४७	२	नात	जात
,,	३	करे ॥	॥ करे
,,	४	घेबेर	घेबर
,,	७	मि टाणी	मिटाणी
,,	११	पदा चाहिला	पदाचाहिला
,,	१३	भवाम	भवाम्
,,	१७	मंत्रीहिनं	मंत्रहिनं
,,	,,	क्रीयाहिनं	क्रियाहिनं
,,	१८	जीनप्रभु	जीनप्रभो
,,	२०	जिनेश्वरः	जिनेश्वर

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર ધાર્મિકોનાં મુબારક નામ.

બોરસદ.

૧૫ પંડીત. લાલચંદજી ગુરૂરત્નકીર્તિજી
૧૧ પંડીત. સુંદરલાલ ગુરૂગુણચંદ્રજી
૨ બ્રહ્મચારજી હીમસાગરજી કનકકીર્તિજી
૧૦ ચેલાજી. સોમચંદજી
૧૦ શા. મોતીલાલ ભાઇજી
૭ શા. જેસંગ ભાઇજી
૭ શા. જેસંગ કીસોરદાસ
૫ શા. ભવાનીદાસ ભાઇજી
૫ પરી પ્રેમાનંદ નારણદાસ
૪ શા. શીવલાલ શામળદાસ
૪ રા. રા. શા. દલપતભાઈ કેવળદાસ એલ. સી. ઇ.
૨ શા. આશારામ કેવળદાસ
૨ શા. બેચરદાસ નાથાભાઇ
૨ શા. જેસંગદાસ નારણદાસ
૨ શા. મનોરદાસ કેવળદાસ
૨ શા. કાળીદાસ જેઠાલાલ
૨ શા. ધરમચંદ તારાચંદ
૨ લહીઆ. નાથાભાઇ કહાનદાસ
૧ પરી. જેઠાલાલ જેકશનદાસ
૧ શા. ચતુરભાઇ છગનલાલ
૧ તલાટી. સીવાજી મોરૂબા
૧ શા. સાકરલાલ છગનલાલ
૧ શા. જેસંગભાઇ કાળીદાસ
૧ શા. રીખવદાસ કેવળદાસ
૧ શા. પાનાચંદ કેવળદાસ

૧ શા. મનોરદાસ માંનદાસ
૧ શા. વાડીલાલ વીરચંદ
૧ પરી. ભાઇલાલ કાળીદાસ
૧ શા. ભાઇલાલ તલકચંદ
૧ શા. દેવચંદ લલુભાઇ
૧ સાધુ. રેવાંદાસ કલ્યાણદાસ
૧ ચોકશી. મણીલાલ વીજવલવ
૧ શા. પાનાચંદ ભગવાનદાસ
૧ શા. બાબરદાસ અંબઇદાસ
૧ પરી. છોટાલાલ બાપુભાઈ
૧ શા. અંબાલાલ ચુનીલાલ
૧ શા. છોટાલાલ નાનચંદ
૧ શા. નાથાલાલ હરગોવનદાસ

દાવોલ.

૩ શા. તળસીદાસ તારાચંદ
૩ શા. પીતાંબરદાસ ઝવેરદાસ

૩ શા. દામોદરદાસ ઇશ્વરદાસ
૩ શા. નાનચંદ તારાચંદ
૨ શા. નરશીદાસ તારાચંદ
૨ શા. મથુરદાસ તલકચંદ
૨ શા. પાનાચંદ જમનાંદાસ
૨ શા. પરસોતમદાસ તલકચંદ
૧ શા. અંબઇદાસ બાપુજી
૧ શા. જીવાભાઈ હુરીભાઈ
૧ શા. છગનલાલ શીવલાલ
૧ શા. કશનદાસ તારાચંદ
૧ શા. ડાહ્યાભાઇ હરીકીશનદાસ

કાણીસા.

૩ શા. પુલચંદ જેસંગભાઈ
૩ શા. નારણદાસ નાથાભાઈ
૩ શા. હરગોવનદાસ જીવાભાઈ

૩ શા. ફીલાભાઈ તળસીદાસ
૨ શા. નાગરદાસ જીવાભાઈ
૨ શા. વસ્તાભાઈ ઈશ્વરદાસ
૨ શા. ફીલાભાઈ જગજીવનદાસ
૧ શા. ફુલચદ કહાનદાસ
૧ શા. જેચંદ જગજીવનદાસ

સાંઆમા.

૨ શા. જેચંદ દેવચંદ
૧ શા, જમનાદાસ નાહાનાભાઈ
૧ શા. જવેરદાસ નાહાનાભાઈ
૧ શા. હરીભાઈ નાહાનાભાઈ
૧ શા. અંબઇદાસ જીવાભાઈ

છાણી.

૩ શા. સુરચંદ મનોરદાસ
૩ શા. નારણદાસ ઈશ્વરદાસ

૧ શા. હીરાચંદ જેઠાભાઈ
૧ શા. ગુલાબચંદ બેચરદાસ
૧ શા. અંબઇદાસ કાશીદાસ

વેડચ.

૧ શા. પાનાચંદ મનોરદાસ
૧ શા. જેચંદ વસનદાસ
૧ શા. મનોરદાસ દેવચંદ
૧ શા. મગનલાલ મનોરદાસ
૧ શા. મગનલાલ નારણદાસ
૧ શા. મોતીલાલ પરભુદાસ
૨ શા. હીમચંદ ભાઈજી
૧ શા. નાથાભાઈ વ્રજલાલ
૧ શા. પરસોતમદાસ ગંગાદાસ
૧ શા. જેસંગ ગંગાદાસ
૧ શા. શીવલાલ મુળજી

૧ શા. તળસીદાસ મુળજી
૧ શા. પરસોતમદાસ દામોદરદાસ

કરમસદ.

૫ શા. પ્રેમાનંદ નારણદાસ બીન મુળજી
૧ શા. ત્રીભોવનદાસ જગજીવનદાશ
૧ શા. ભાઈલાલ રણછોડદાસ
૧ શા. ત્રીભોવન ભુખણદાસ
૧ શા. કાળીદાસ ભૂલાભાઈ
૧ શા. કીલાભાઈ પુંજાભાઈ
૧ શા. કુબેરદાસ વર્ધમાન
૧ શા. ત્રીભોવનદાસ રણછોડદાસ
૧ શા. શીવલાલ મથુરદાસ

અંકલેશ્વર.

૧ શા. ત્રીભોવનદાસ રણછોડદાસ
કરમસદવાળા

૧ ચોકશી. નાથાભાઈ પ્રાણજીવનદાસ
૧ શા. નગીનદાસ ભગવાનદાસ
૧ ગાંધી. હીરાલાલ ઘેલાભાઈ
૧ શા. અમરચંદ ખુપચંદ તલાટી

સોજીત્રા.

૫ શા. છોટાલાલ મુળચંદ
૫ શા. દેવચંદ કલ્યાણદાસ
૧ શા. તલકચંદ ઇશ્વરદાસ
૧ શા. બાપુજી ઇશ્વરદાસ
૧ શા. મગનલાલ નાથાભાઈ
૧ શા. લલુભાઇ ઇશ્વરદાસ
૧ શા. કૃષ્ણવલભ મથુરદાસ

ભાવનગર.

૨ શા. ગાંડાભાઈ રામચંદ ઘોઘાવાળા
૨ શા. ભગવાનદાસ છગનલાલ

૨ શા. હીરાચંદ ગીગા
૧ શા. રામચંદ માણેકચંદ
૧ ધામી. વીઠલદાસ ભીખાભાઇ
૧ શા. ત્રીકમલાલ હઠીસંગ
૧ શા. માણેકચંદ વેણીચંદ

પાદરા.

૧૦ શા. પાનાચંદ હરીલાલ
૧ શા. ગુલાબચંદ વસ્તાભાઇ
૨ શા. શીવલાલ ગંગાદાસ
૨ શા. જેઠાભાઈ શીવલાલ
૨ રા. રા. શા. ત્રીભોવનદાસ બાપુજી
૧ શા ગરબરદાસ ગોવીંદજી
૨ શા. રાયચંદ જગજીવનદાસ
૧ શા. જેચંદ ગરબડદાસ
૧ શા. છોટાલાલ મથુરદાસ
૧ શા. ડાહ્યાભાઈ માણેકચંદ

૧ શા. ચુનીલાલ પ્રેમચંદ
૧ શા. હરીલાલ વ્હેલાભાઇ
૧ શા. કાહાનદાસ દુલવદાસ
૧ શા. ગીરધરલાલ કાસીદાસ
૧ શા. છગનલાલ તળસીદાસ
૧ શા. મગનલાલ લલુભાઈ
૧ શા. ઝવેરદાસ ગંગાદાસ
૧ શા. છોટાલાલ કાળીદાસ
૧ શા. નાથાભાઇ ગુલાબચંદ
૧ શા. દેવચંદ ગોવીંદજી

સાદરા.

૪ શા. તળસીદાસ દયાળજી
૩ શા. કલ્યાણદાસ નરસીદાસ
૨ શા. પુંજાભાઇ નરોતમદાસ
૧ શા. મુળજીભાઇ હરીભાઈ

૧ શા. જેચંદ ગરબડદાસ
૧ શા. મલુકચંદ દેવચંદ

બોચાસણ.

૧૦ શા. હલોચંદ કેવળદાસ

પરીએજ.

૧ શા. ભગવાનદાસ હરગોવનદાસ
૧ શા. લલુભાઈ હરગોવનદાસ
૧ શા. ભાઈલાલ જેસંગ
૧ શા. કાળીદાસ દામોદરદાસ
૧ શા. સીવલાલ ગુલાબચંદ
૧ શા. બકોરદાસ મથુરદાસ

ખાનપુર.

૧ શા. લલુભાઈ બકોરદાસ
૧ શા. મોતીલાલ તળશીદાસ
૧ શા. ખીમચંદ જગજીવનદાસ

૧ શા. મથુરદાસ જગજીવનદાસ

દાહોદ.

૨ શા. નાનાલાલ શીવલાલ
૨ બોબડા. ચંપાલાલ શીવલાલ

વહુ.

૫ શા. મંગળદાસ રામદાસ
૫ શા. દલપતભાઈ ગેહેલાભાઈ
૫ શા. કલાણદાસ રામદાસ
૨ શા. હરગોવનદાસ રામદાસ
૫ શા. દેવચંદ લાલચંદ
૧ શા. તલકચંદ નંદલાલ
૧ શા. દેવચંદ હલોચંદ
૧ શા. જગજીવનદાસ વ્રજલાલ
૧ શા. હલોચંદ નંદલાલ
૧ શા. પ્રેમચંદ મુળજી

૧ શા. અંબાઈદાસ પીતાંબરદાસ.

વલાસણ

૨ શા. ઈશ્વરદાસ બાપુજી
૨ શા. તલકચંદ પ્રેમચંદ
૧ શા. કાસીદાસ બાપુજી

વસો.

૧ શા. ભાઈલાલ પ્રેમચંદ
૧ શા. કેસવલાલ મુળચંદ

રૂદેલ

૧ શા. હરીકશનદાસ બાપુજી
૨ શા. વ્રજલાલ રણછોડદાશ

ભરૂચ.

૧૨ શા. જીવચંદ પુજાભાઈ

ભાયલી

૨ શા. જેઠાલાલ ગીરધરલાલ
૨ શા. હરીકશનદાસ રણછોડદાસ

ભોયજ

૧ શા. મુલજી અમીચંદ

જલાલપર

૧ શા. ગરબડદાસ લાલચંદ

સોખડા

૧ શા. કશનદાસ મોતીલાલ
૧ શા. ગુલાબચંદ નેમચંદ

ભલાડા

૧ શા. કાળીદાસ શીવલાલ

મગરોલ

૧ શા. નાનચંદ લાલદાસ

પેટલાદ

૧ શા. છગનલાલ હરીભાઈ

ધાએજ

૧ શા. દેવચંદ ધરમચંદ

મોડ

૧ શા. શીવલાલ તલશીદાસ

માલાવાડા

૧ શા. છગનલાલ બેચરદાસ

ઉમરેઠ

૧ જોશી. લલુભાઇ ભૂરાભાઇ

ફોજદારી કારકુન

તારાપર

૧ શા. મુળચંદ પ્રેમચંદ

૧ શા. છગનલાલ બેચરદાસ

બાકરોલ

૧ શા. ગુલાબચંદ મુલજી

ઓડ

૧ શા. ગોરધનદાસ હીરાચંદ

અમદાવાદ

૧ સવઇ. અમરતલાલ નગીનદાસ

કુડસદ

૫ શા. શીવલાલ ભીખાભાઇ

વાંચ

૧ શા. ભીખાભાઈ બહેચરદાસ

૧ શા. ભુલાભાઇ ઝવેરદાસ

૧ શા. મુલચંદ ઈશ્વરદાસ

૧ શા. પુલચંદ મગનલાલ

૧ શા. અમથાભાઇ રણછોડદાસ

૧ શા. શોમચંદ મોતીચંદ

૧ શા. શીવલાલ વહાલદાસ

વ્યારા

૧ શા. સાંમલદાસ વહાલદાસ

મહુવા

૧ શા. રતનચંદ ગુલાબચંદ

જંબુસર.

૫ શા. પ્રાણુલાલ પ્રેમાનંદ

૨ રા. રા. શા. જેશંગભાઇ ગુલાબચંદ
સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટ

આમોદ.

૧ શા. કાળીદાસ હરગોવનદાસ

૧ શા. જોઈતાદાસ કેવળદાસ

૧ શા. નેમચંદ રાયચંદ

૧ શા. ખીમચંદ દીપચંદ

૧ શા. છોટાલાલ દલપતભાઈ

૧ શા. શંકરલાલ તાપીદાસ

૧ શા. હરજીવનદાસ રાયચંદ મ્યુનીસી-
પાલ કમીશનર

વડોદરા.

૫ શા. હરજીવનદાસ લાલચંદ

૧ શા. નાહાનચંદ સીવલાલ

૧ શા. નારણદાસ ગંગાદાસ

મિઆગામ.

૧૦ શા. ભગવાનદાસ હરજીવનદાસ

મેહેલાવ.

૧ શા. ભાઈલાલ મકનદાસ

પંડોળી.

૧ શા. મનોરદાસ પરસોતમદાસ

ઝોળ.

૧ શા. છગનલાલ ગંગાદાસ

જાહેર ખબર.

આ પુસ્તક નીચે લખેલે ઠેકાણેથી શેકડા કીંમતે મળશે.

મુંબઇ–ઝવેરી. માણેકચંદ પાનાચંદ.

ઠે. ઝવેરી બજાર.

વડોદરા—શા. છોટાલાલ બહેચરદાસ કોલેજ બોર્ડીંગ હાઉસ.

ભરૂચ—શા. જીવચંદ પુંજાભાઇ ઠે- નર્મદા મીલ.

બોરસદ—જૈન દિગંબરી ધર્મોત્તેજક પાઠશાળા.

હા. વ્યવસ્થાપક શા. રાયચંદ મોતીલાલ.

ઠે. બજારમાં.